## આકાશવાણી-ભુજ

### સમાચાર વાચક:- કૃપાલી મહિચ્છા
### કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૧૩-૦૪-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

# જાહેરનામું ચુંટણી

ગુજરાતની લોકસભાની 26 સહિત 94 બેઠકોની આગામી સાતમી મેના રોજ યોજાનારી ચૂંટણી માટે ગઈકાલે જાહેરનામું બહાર પડતાં ત્રીજા તબક્કાની ચૂંટણી પ્રક્રિયાનો આરંભ થયો છે. આ તબક્કામાં 10 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોની 94 લોકસભા બેઠકોની ચૂંટણી યોજાશે.

જેમાં ગુજરાતની લોકસભાની તમામ 26 બેઠકો ઉપરાંત કર્ણાટકની 14 બેઠકો, મહારાષ્ટ્રની 11, ઉત્તરપ્રદેશની 10, મધ્યપ્રદેશની 8, છત્તીસગઢની સાત, બિહારની પાંચ, આસામ અને પશ્ચિમ બંગાળની ચાર-ચાર બેઠકો તથા ગોવા ,દાદરા નગર હવેલી અને દમણ અને દીવની, બે-બે અને જમ્મુ-કાશ્મીરની એક બેઠક માટે મતદાન થશે. આ તબક્કા માટે 19મી એપ્રિલ સુધી સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે, 20મીએ તેમની ચકાસણી થશે. ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ 22મી એપ્રિલ છે, જ્યારે 7મી મેના રોજ મતદાન થશે અને ચોથી જૂને મતગણતરી હાથ ધરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ત્રીજા તબક્કામાં લોકસભાની 94 બેઠકોની સાથે ગુજરાત વિધાનસભાની ખાલી પડેલી પોરબંદર, માણાવદર, વિજાપુર, ખંભાત અને વાઘોડિયા વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી યોજાશે.

**(RNU અમદાવાદ)**

-----------------------------------------------------------------------

## ચૂંટણી ઉમેદવારો

ગુજરાતની લોકસભાની 26 બેઠકોની સામાન્ય ચૂંટણી અને રાજ્ય વિધાનસભાની પાંચ બેઠકોની પેટાચૂંટણી માટે ગઈકાલે જાહેરનામું બહાર પડતાં ઉમેદવારી પત્રો સ્વીકારવાનો આરંભ થયો છે.

મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી પી. ભારતીએ જણાવ્યું હતું કે, રાજ્યના તમામ જિલ્લાઓમાં રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની હાજરીમાં ઇવીએમના પ્રથમ રેન્ડમાઇઝેશનની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

હરીફ ઉમેદવારોની યાદી આખરી થયા બાદ હરીફ ઉમેદવારો કે તેમના પ્રતિનિધિઓ તથા ભારતના ચૂંટણી પંચ દ્વારા નીમવામાં આવેલ નિરિક્ષકોની હાજરીમાં ઇવીએમના બીજા રેન્ડમાઇઝેશનની કામગીરી હાથ ધરવામાં આવશે.

ચૂંટણી ફરજ પરના કર્મચારીઓ, વયોવૃદ્ધ અને દિવ્યાંગ મતદારો માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે અવું મુખ્ય ચૂંટણી અધિકારી પી.ભારતીએ જણાવ્યું હતું.

**(RNU અમદાવાદ)**

---

## દિવ્યાંગ મતદારો

ચૂંટણી પંચે લોકસભાની આ વખતની ચૂંટણીમાં વરિષ્ઠ અને દિવ્યાંગો માટે ઘરેથી મતદાન કરવાની સુવિધા શરૂ કરી છે. આ પહેલ હેઠળ, 85 વર્ષથી વધુ ઉંમરના મતદારો અને 40 ટકા સુધીની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ ઘરેથી મતદાનની સુવિધાનો લાભ લઈ શકશે. ચૂંટણી પંચની યાદીમાં જણાવ્યા અનુસાર આ કેટેગરીના મતદારોએ લોકસભાની પ્રથમ અને બીજા તબક્કાની ચૂંટણી માટે મતદાન કરવાની શરૂઆત કરી છે.

ચૂંટણી પંચની યાદીમાં વધુમાં જણાવ્યું છે કે, ઘરેથી મતદાનની સુવિધા દરમિયાન ચૂંટણી અને સુરક્ષા કર્મચારીઓની ટીમ હાજર રહે છે અને ગુપ્ત

મતદાનની વ્યવસ્થાનું પણ સંપૂર્ણ પાલન કરવામાં આવે છે. દેશભરમાં 85 વર્ષથી વધુ વયના 81 લાખ મતદારો અને 90 લાખ દિવ્યાંગ મતદારોએ ઘરેથી મતદાન કરવા માટે નોંધણી કરાવી છે

**(RNU અમદાવાદ)**

---

## ક્રિકેટ

દિલ્હી કેપિટલ ટીમે લખનૌ સુપર જાયન્ટને 6 વિકેટે હરાવી આઇ.પી.એલની મેચમાં બીજી સફળતા મેળવી હતી. લખનૌ ખાતેની મેચમાં લખનૌ ટીમે 7 વિકેટ ગુમાવી 167 રન કર્યા હતા. દિલ્હી ટીમે 4 વિકેટ ગુમાવી મેચ જીતી લીધી હતી.

**(ચંદ્રવદન પટ્ટણી)**

---

## માતાના મઢ-ચૈત્રી વરાત્રી

કચ્છના પ્રસિદ્ધ યાત્રાધામ દેશદેવી માં આશાપુરા માતાજીના સ્થાનક માતાના મઢ ખાતે હાલમાં ચૈત્રી નવરાત્રી પર્વને લઈને મોટી સંખ્યામાં માઇ ભક્તો મા આશાપુરાના ચરણોમાં શીશ ઝુકાવી આશીર્વાદ લેવા ઉમટી રહ્યા છે. નવરાત્રી પર્વના પ્રારંભ સાથે છેલ્લા ચાર દિવસમાં ત્રીસ હજાર કરતાં પણ વધુ ભાવિકોએ માતાજીના દર્શનનો લાભ લીધો હતો. બીજી તરફ અશ્વિનનવરાત્રી પર્વની જેમ જ ઉજવાતા ચૈત્રી નવરાત્રી દરમિયાન મંદિર પરિસરમાં માતાજીના ગરબાની સ્થાપના કરવામાં આવી છે અને દરરોજ રાત્રે દુહા છંદ સાથે રાસ ગરબાનો કાર્યક્રમ યોજાય છે, જેમાં ગ્રામજનો સાથે યાત્રિકો રાસની રમઝટ બોલાવે છે.

**(કૃપાલી મહિચ્છા/NP)**

---

## ચૂંટણી કાર્યક્રમો

રાજ્યભરમાં લોકસભાની સામાન્ય ચૂંટણીઓના ભાગરૂપે મતદાર જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે, જે અંતર્ગત.

કચ્છ જિલ્લામાં SVEEP કાર્યક્રમ અંતર્ગત હેઠળ જિલ્લાની વિવિધ શાળાઓમાં મતદાર જાગૃતિની પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે.

**(RNU અમદાવાદ)**

-----------------------------------------------------------------------